ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન: ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩,
૨૬૩૦૦૧૨૬, ૨૬૩૦૦૬૬૪
ટેલિગ્રામ: યુનિગુજરાત
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બૉક્સ નં. ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

FAX : (079)26302654
Tele. Phone : 26301341 26300342-43
26300126 & 26300664
Grams : UNIGUJARAT

Office of The Gujarat University,
Post Box. No. 4010
Navrangpura,
Ahmedabad-380 009 (INDIA).

નં. એસ્ટેટ/પરિપત્ર/2316/૨૦૨૫ તા.૧૬/૦૪/૨૦૨૫

## પરિપત્ર

આથી ગુજરાત યુનિવર્સિટી ભવનોના અધ્યક્ષશ્રીઓ, વિભાગીય વડાશ્રીઓ, અધિકારીઓ તથા કર્મચારીઓને જણાવવાનું કે માન. રાજ્યપાલશ્રીની અધ્યક્ષતા હેઠળ મળેલ બેઠકમાં સરકારી તેમજ અર્ધસરકારી કચેરીઓમાં વીજ બચતના અનુસંધાનમાં સૂચવેલ વિવિધ સૂચનોના અમલ કરવા બાબતે માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર તા.૧૭/૦૫/૨૦૨૨ના પરિપત્ર ક્રમાંક:- ઇએલસી/૧૦૨૨/૫૦૪/સી-૧ અંતર્ગત રાજ-ભવન, ગાંધીનગરના તા.૧૧/૦૪/૨૦૨૫ અને માર્ગ અને મકાન વિભાગના તા.૦૨/૦૪/૨૦૨૫ ના પત્ર અન્વયે આદેશઅનુસાર જણાવવાનું કે યુનિવર્સિટીમાં વીજળીનો બીન-જરૂરી વપરાશ ન થાય અને વીજળીની પ્રવર્તમાન સ્થિતી અનુસાર "વીજ બચત એ જ વીજ ઉત્પાદન" થીમ ને સાર્થક કરવા માટે આ સાથે સામેલ પત્ર મુજબની ક્રમ નં ૧ થી ૮ સૂચનાઓની તાત્કાલીક ધોરણે ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે. જેની નોંધ લેશોજી.

કા.કુલસચિવ

બિડાણ: ઉપર મુજબ

પ્રતિશ્રી,
જરૂરી અમલ કરવા અર્થે,
(૧) યુનિવર્સિટી કાર્યાલયના તમામ વિભાગીય વડાઓ તરફ
(૨) યુનિવર્સિટીના તમામ ભવનોના અધ્યક્ષશ્રી તેમજ તમામ વિભાગીય વડાઓ તરફ
(૩) ગ્રંથપાલશ્રી, યુનિવર્સિટી ગ્રંથાલય, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
(૪) આર.એમ.ઓ.શ્રી, યુનિવર્સિટી હેલ્થ સેન્ટર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવા-૯.
(૫) ચીફ વોર્ડનશ્રી, ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.
(૬) પ્રેસ મેનેજરશ્રી, યુનિવર્સિટી પ્રેસ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

"પાણી બચાવો વીજળી બચાવો"
ॐ सर्वे भवन्तु सुखिनः
सर्वे सन्तु निरामयाः।

16.GS/Ele/3838/2025

**Ashok Sharma, IAS**
Principal Secretary
to the
Hon'ble Governor of Gujarat

**Raj Bhavan**
Gandhinagar-382 021

Date : 11 APR 2025

પ્રતિ:

- કુલપતિશ્રી, વિશ્વવિદ્યાલય તમામ
- મ્યુનિસિપલ કમીશનરશ્રી, તમામ
- કલેક્ટરશ્રી, તમામ
- જીલ્લા વિકાસ અધિકારીશ્રી તમામ

વિષય: વીજ વપરાશમાં કરકસર બાબત.

સંદર્ભ: સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર ક્રમાંક: ઈએલસી/1022/504/સી-1 દિ. 02/04/25

મહોદય / મહોદયા,

ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રીની આજ્ઞાનુસાર સવિનય જણાવવાનું કે માનનીય રાજ્યપાલશ્રીએ માર્ગ અને મકાન વિભાગ, ઊર્જા અને ક્લાઈમેટ ચેન્જ વિભાગના અધિકારીશ્રીઓ સાથે બેઠકો યોજીને રાજ્યમાં વીજ વપરાશમાં કરકસર કરવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. જેના પરિણામે માર્ગ અને મકાન વિભાગ દ્વારા ઉપર સંદર્ભિત પરિપત્ર કરવામાં આવેલ છે. જેમાં વીજ વપરાશ ઘટાડવા અંગેનાં સુચનો કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે નીચે મુજબના પગલાં અંગે નિર્દેશ કરવામાં આવેલ છે:

1. સરકારી કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓનાં ભવનો, છાત્રાલયો અને અન્ય સ્થળોએ જુદા જુદા વીજ ઉપકરણોનો ખપ પૂરતો જ ઉપયોગ કરવો અને અધિકારી-કર્મચારી અને વપરાશકર્તા હાજર હોય ત્યારે જ જરુરી હોય તેવા ઉપકરણો અને તેટલા સમય માટે જે તે ઉપકરણો ચલાવવાં.

2. તમામ સ્થળોએ સૂર્યપ્રકાશનો મહત્તમ ઉપયોગ કરવો અને દિવસના ભાગે લાઇટો ચાલુ ન રાખવી તેમજ એલ.ઈ.ડી. લાઇટોનો ઉપયોગ કરવો.

3. વોટર કૂલર દિવસ દરમ્યાન જ ચાલુ રાખવું. જ્યાં એ.સી. મૂકવામાં આવ્યા હોય તેનો ઉપયોગ વિવેકી રીતે કરવો. એ.સી. નું ટેમ્પરેચર સેટિંગ 26-27 ડિગ્રી સેલ્શીયસથી નીચે ન રાખવું.

Gandhinagar - 382 021. Tele. : (D) 079-23231133, 079-23243171-23243172-23243173, Fax : 079-23231121

4. સ્ટ્રીટ લાઇટો ચાલુ-બંધ કરવાનો સમય ઋતુ સાથે બદલાતા સૂર્યપ્રકાશ સાથે જોડવો જોઇએ. જેમાં સૂર્યોદય-સૂર્યાસ્તના અડધા કલાક પછી, સ્ટ્રીટ લાઇટ ચાલુ કરવી જરુરી છે. દા.ત. સૂર્યોદય સવારે 6:25 કલાકે થાય છે તો સ્ટ્રીટ લાઇટ બંધ કરવાનું ટાઇમર 6:00 વાગ્યાનું અને સૂર્યાસ્ત સાંજે 6:58 કલાકે થાય છે, તો સ્ટ્રીટ લાઇટ ચાલુ કરવાનું ટાઇમર 7:00 વાગ્યાનું સેટ કરી શકાય. આ ઉપરાંત પૂનમના દિવસે ચંદ્રમાનો પ્રકાશ ઉપલબ્ધ હોય ત્યારે વસ્તી ધરાવતા અને પગપાળા અવરજવર હોય તેવા ગામ અને નગરના અંદરના વિસ્તારો સિવાય રસ્તા પરની સ્ટ્રીટ લાઇટો બંધ રાખી શકાય. આ માટે સ્થાનિક પોલીસ તંત્ર સાથે પરામર્શ કરી યોગ્ય નિર્ણય કરી શકાય.

5. સંસ્થાઓનાં ભવનો, છાત્રાલયો કે કચેરી પરની પાણીની ટાંકીઓની મોટરનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા માટે વોટર-લેવલ ઇન્ડિકેટર કમ કન્ટ્રોલર મૂકી શકાય.

6. બહુમાળી ભવનોમાં લિફ્ટનો ઉપયોગ ઘટાડવા જાગૃતિ અભિયાન ચલાવી શકાય, જેમ કે લિફ્ટની બાજુમાં ધ્યાનાકર્ષક અને રસપ્રદ પોસ્ટર મૂકવું કે જીલ્લા સંકલન સમિતિ અને સામાન્ય સભા વગેરે મિટિંગોમાં ચર્ચા કરવી. દિવ્યાંગ, વયસ્ક નાગરિકો અને સ્વાસ્થ્યની તકલીફ વાળા મુલાકાતી કે કર્મયોગીઓ સિવાયના લોકો પગથિયાંનો ઉપયોગ કરે, તે ઇચ્છનીય છે. તેનાથી સરકારશ્રીના શારીરિક સ્વસ્થતા અભિયાન (Towards a Fit and Healthy India: Combating Obesity Through Collective Action)ને સાર્થક કરવામાં સહયોગ થશે.

7. કચેરીઓ અને ભવનોમાં કર્મયોગીઓ અને નિવાસીઓનું ધ્યાન ખેંચે તે રીતે બેસવાના સ્થાનની સામે ઊર્જા બચાવવા માટેનાં પોસ્ટર લગાડી શકાય.

8. સંસ્થાઓનાં ભવનો, કચેરીઓના ધાબા પર અને ખુલ્લી જગ્યામાં સોલર પેનલ લગાડવા અને તેને કાર્યરત રાખવા કાળજી રાખી શકાય.

ઉપરોક્ત બાબતો ઉપરાંત જે તે શૈક્ષિણિક સંસ્થા, કચેરી, નગર કે ગામના સંદર્ભમાં શૈક્ષણિક સંસ્થા, જીલ્લાના કે નગરના વહીવટી તંત્રના વડા જનભાગીદારી, જનજાગૃતિ અને સંવાદ દ્વારા વીજ-વપરાશમાં મહત્તમ કરકસર કરવામાં પોતાનું ઉત્તમ યોગદાન આપી શકે તે અંગે યોગ્ય પગલાં લઇ શકાય.

આ સાથે 2008-2009 થી 2009-10 દરમ્યાન જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી, પંચમહાલ દ્વારા થયેલ સ્વાંતઃ સુખાય પહેલનો અહેવાલ સામેલ કરવામાં આવેલ છે. (બિડાણમાં સામેલ છે.) જેમાં જે તે સમયે લેવામાં આવેલ નાનાંમોટાં પગલાંઓ અને તેનાં હકારાત્મક પર્યાવરણીય પરિણામો દર્શાવવામાં આવેલ છે. જો કે આવાં અનેક સ્તુત્ય પગલાં અન્ય કચેરીઓ અને નગરો-ગામો દ્વારા લેવામાં આવેલ હશે. તેવી તમામ સફળવાર્તાઓ આપણા માટે પ્રેરણારૂપ છે.

માનનીય રાજ્યપાલશ્રી દ્વારા સહુને અનુરોધ કરવામાં આવેલ છે કે વીજ વપરાશમાં બચત કરીને આપણા પર્યાવરણની રક્ષા કરવા સાથે રાજ્યને ઊર્જા-કાર્યક્ષમ બનાવવા સહયોગ કરીએ. તદનુસાર ગત/ચાલુ વર્ષ અને પ્રયોગો કર્યા પછીના સમયમાં મળેલ પરિણામોની સરખામણી કરતા માસિક અહેવાલો પણ જે તે વહીવટી વિભાગ અને અત્રે નિયમિત રીતે મોકલી આપવા આજ્ઞાનુસાર વિનંતિ છે.

આપનો વિશ્વાસુ,

બિડાણઃ ઉપર મુજબ

(અશોક શર્મા) IAS

માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવ

**માન. રાજ્યપાલશ્રીની અધ્યક્ષતા હેઠળ મળેલ બેઠકમાં સરકારી તેમજ અર્ધસરકારી કચેરીઓમાં વીજ બચતના અનુસંધાનમાં સૂચવેલ વિવિધ સૂચનોનો અમલ કરવા બાબત.**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
**પરિપત્ર ક્રમાંક:-ઇએલસી/૧૦૨૨/૫૦૪/સી-૧**
૧૪/૩, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૨/૦૪/૨૦૨૫.

**વંચાણે લીધા:-** અત્રેનો તા.૧૭/૦૫/૨૦૨૨ નો પરિપત્ર ક્રમાંક:- ઇએલસી/૧૦૨૨/૫૦૪/સી-૧.

**પ્રસ્તાવના:-**

ગ્લોબલ વોર્મિંગ અને જળવાયુ પરિવર્તનના કારણે તાપમાનમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. આગઝરતી ગરમી અને દિન પ્રતિદિન વધતા તાપમાનને કારણે વિજળીની માંગ અને વપરાશમાં પણ ખૂબ જ મોટા પ્રમાણમાં વધારો થઈ રહ્યો હોવાથી માન. રાજ્યપાલશ્રીની સૂચનાનુસાર સરકારી કચેરીઓમાં બિનજરૂરી વીજ વપરાશ ન થાય તે માટે ઉક્ત સંદર્ભિત તા.૧૭/૦૫/૨૦૨૨ ના પરિપત્રથી જરૂરી સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી. સદર ઠરાવની સમીક્ષા કરી બિનજરૂરી વીજ વપરાશ ઘટાડી વિજળીની વધુમાં વધુ બચત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**પરિપત્ર:-**

હાલમાં વધતી જતી વિજળીની માંગ તેમજ તેની જરૂરીયાતના સુયોગ્ય સમન્વય માટે હાલમાં વિજ વપરાશનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો ખૂબ જ આવશ્યક હોઈ માન. રાજ્યપાલશ્રીની અધ્યક્ષતા હેઠળ તા.૧૭/૦૩/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકમાં સરકારી કચેરીઓમાં બિનજરૂરી વીજ વપરાશ ન થાય તેમજ વિજળીની પ્રવર્તમાન સ્થિતિ અનુસાર "વીજ બચત એ જ વીજ ઉત્પાદન"ની થીમ આધારિત સૂચના મળેલ હતી. જે અંગે **"વીજ બચત એ જ વીજ ઉત્પાદન"**ની થીમને સાર્થક કરવા માટે નીચે જણાવેલ બાબતોએ તાત્કાલિક અમલવારી કરવા નીચે મુજબની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવે છે. જેની ચુસ્તપણે અમલવારી કરવાની રહેશે.

(૧) તમામ કચેરીઓમાં લગાવેલ વીજ-ઉપકરણો, જેવા કે પંખા/લાઇટો/એ.સી. વગેરે... અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ હાજર હોય તે સમયે જ ચાલુ રહે તેની તકેદારી રાખવાની રહેશે. (જાગૃતિ માટે વિશેષ અભિયાન ચલાવવું.)

(૨) સરકારી/અર્ધ સરકારી મકાનોના પેસેજની લાઇટો જ્યારે જરૂર ન હોય ત્યારે બંધ રાખવી અને તેના અસરકારક અમલ માટેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. (જાગૃતિ માટે વિશેષ અભિયાન ચલાવવું.)

(૩) અધિકારીઓના ચેમ્બર, મીટીંગ રૂમ, કોમ્પ્યુટર રૂમ, સર્વર રૂમ એટલે કે કોઇપણ કચેરીમાં જ્યાં એસી મશીન લાગેલા હોય ત્યાં માત્ર અધિકારીઓ હાજર હોય અથવા મીટીંગ હોય કે જરૂરી હોય ત્યારે જ એસી મશીનો ચાલુ રાખવા અન્યથા બંધ રાખવાના રહેશે. (જાગૃતિ માટે વિશેષ અભિયાન ચલાવવું.)

(૪) વિવિધ સરકારી કચેરીઓમાં દિવસ દરમિયાન સૂર્યપ્રકાશ મળતો હોય તો ઓછામા ઓછી લાઇટોનો વપરાશ કરી શકાય તે માટેના પ્રયત્નો હાથ ધરવાના રહેશે. (જાગૃતિ માટે વિશેષ અભિયાન ચલાવવું.)

(૫) વિવિધ સરકારી કચેરીઓમાં લાગેલ જૂની કન્વેશનલ લાઇટોની જગ્યાએ એલ.ઇ.ડી લાઇટ ફીટીંગ લગાવવા જરૂરી આયોજન કરવાનું રહેશે.

(૬) BEE (Government of India ministry of Power) નવી દિલ્હીના તા.૦૧/૦૧/૨૦૨૦ ના નોટીફીકેશન મુજબ વિવિધ સરકારી કચેરીઓમાં લગાવેલ એ.સી.મશીનનું ડીફોલ્ટ ટેમ્પરેચર સેટીંગ ૨૪° ડિગ્રી સેલ્સીયસ રાખવાનું રહેશે.

P.T.O.

(૭) રાજ્યનાં શહેરો, નગરપાલીકા-મહાનગર પાલીકાઓની મુખ્ય માર્ગો પરની રોડ લાઇટના કંન્ટ્રોલમાં CCMS (સેન્ટ્રલાઇઝ કંન્ટ્રોલ મોનીટરીંગ સીસ્ટમ) પ્રસ્થાપિત કરવી તેમજ ઋતુ અને સિઝન મુજબ મુખ્ય માર્ગો તથા આંતરિક માર્ગોમાં લગાવવામાં આવેલ સ્ટ્રીટલાઇટોનો ચાલુ-બંધ કરવાનો સમયગાળો બદલી સૂર્યાસ્ત અને સૂર્યોદય થવાના ખગોળીય સમયથી ૩૦ મીનીટનો Delay(સ્ટ્રીટલાઇટોને સૂર્યોદયની ૩૦ મિનિટ પહેલા બંધ કરવી તથા સૂર્યાસ્તના ૩૦ મિનિટ પછી ચાલુ કરવી) સેટ કરી ૬૦ મીનીટ જેટલી વીજ બચત કરવી. વધુમાં, રાત્રિના ૧૨:૦૦ વાગ્યાથી સવારના ૪:૦૦ વાગ્યા સુધી મોટેભાગે રસ્તાઓ પર વાહનોની અવરજવર ખૂબ ઓછી હોય છે તેવા સમયે પ્રાયોગિક ધોરણે Alternate Pole પરની લાઇટ બંધ કરી વીજળીની બચત કરી શકાય તેવું આયોજન કરવું અને તદ્દાનુસારના ફેરફારો રોડ લાઇટના પાવર સપ્લાયમાં કરવા આ માટે તેવા રસ્તાઓ અને સ્થળો નક્કી કરી ઉકત સૂચના મુજબની કાર્યવાહી કરવાની રહેશે.
(અપવાદ : સુરક્ષાના પગલાને ધ્યાને લઇ સ્થાનીક વહીવટી તંત્રએ સ્વવિવેકથી નિર્ણય લેવો.)

(૮) ગુજરાતી કેલેન્ડર મુજબ પૂર્ણિમાની રાત્રીએ ચંદ્રપ્રકાશ હોવાથી રોડ-સેફ્ટી તથા જનતાની સુરક્ષાને સમસ્યા ન થાય તે પ્રકારે મુખ્ય માર્ગો એટલે કે હાઇવેની મહત્તમ લાઇટો બંધ રાખી શકાય તે પ્રમાણે આયોજન કરવાનું રહેશે.
(માત્ર જરૂરિયાત પૂરતી અને સુરક્ષાને લગતી કામગીરી સ્વવિવેકથી બાકાત રાખવી)

(૯) સરકારી કચેરીઓમાં વોટર કુલર કચેરી સમય બાદ એટલે કે ૬:૦૦ વાગ્યા બાદ બંધ કરવા અને સવારે ૯:૦૦ વાગ્યા બાદ ચાલુ કરવા અને તેની ચકાસણી કરવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવાની રહેશે. (જાગૃતિ માટે વિશેષ અભિયાન ચલાવવું.)

(૧૦) સરકારી મકાનોમાં પાણી માટેના બોર તેમજ પાણી ચઢાવવા માટેની મોટર જરૂરિયાત મુજબ ઉપયોગમાં લઈ શકાય તે માટે વોટર લેવલ ઇન્ડિકેટર કમ કંન્ટ્રોલર મુકવાની વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૧) બહુમાળી મકાનોમાં લિફ્ટનો ઉપયોગ ઘટાડી અને સીડીનો ઉપયોગ થાય તે પ્રકારે જાગૃતિ માટેના પોસ્ટરો મકાનમાં લગાડવાના રહેશે. (જાગૃતિ માટે વિશેષ અભિયાન ચલાવવું.)

(૧૨) GEDA દ્વારા જે સરકારી મકાનોમાં વીજ ઉત્પાદન માટે સોલાર પેનલ લગાડવામાં આવી છે તે ચકાસણી કરી કાર્યરત ન હોય તો તેને પુનઃકાર્યરત થાય તેમજ યોગ્ય ક્ષમતાનું વીજ ઉત્પાદન થાય તે માટે સંબંધિતોને સૂચના આપવા તથા અમલની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૩) વિવિધ સરકારી કચેરીઓમાં સોલાર પેનલ સિસ્ટમ લાગી શકે તેવી ખુલ્લી જગ્યા મળતી હોય તો તે લગાવવા માટેનું જરૂરી આયોજન કરવાનું રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી. એસ. દેસાઈ)
ખાસ ફરજ પરના અધિકારી
(યંત્ર અને ઓજારો)
માર્ગ અને મકાન વિભાગ

પ્રતિ,

- માન. મુખ્યમંત્રીશ્રી(મા.મ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- સચિવના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ સચિવના અંગત મદદનીશશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મુખ્ય ઇજનેરશ્રી, માર્ગ અને મકન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે અધીક્ષક ઇજનેરશ્રી, રાજ્ય અને પંચાયત વર્તુળ, માર્ગ અને મકાન વિભાગ.
- સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, રાજ્ય અને પંચાયત વર્તુળ, માર્ગ અને મકાન વિભાગ.
- સેકશન અધિકારીશ્રી(ખાનગીકરણ), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ સદર પરિપત્ર વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સેકશન અધિકારીશ્રી, સર્વે શાખા, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિલેકટ ફાઇલ-૨૦૨૫.